# કૃષિ મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી
જબુગામ, તા: બોડેલી, જી. છોટા ઉદેપુર – ૩૯૧૧૫૫


आज़ादी का अमृत महोत्सव

## શિક્ષક દિન ઉજવણી



**શિક્ષક દિન** વિશ્વમાં શિક્ષકોના માનમાં ઉજવવામાં આવતો દિવસ છે, જે ૫ ઓકટોબરના રોજ **વિશ્વ શિક્ષક દિન** તરીકે મનાવાય છે. ભારતમાં શિક્ષક દિન દર વર્ષની ૫ સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મા. **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**નો જન્મદિવસ છે. **કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા તા. ૦૫/૦૯/૨૦૨૨ ને સોમવારના રોજ ખૂબજ ઉત્સાહ સાથે શિક્ષક દિન ની** ઉજવણી કરવામાં આવી. શિક્ષક દિવસ નિમિત્તે જુદા જુદા વર્ષના વિદ્યાર્થીઓ વિશાલ ગલ, આકાશ ચુડાસમા, મોસમી કોટડીયા, અની પ્રજાપતિ, નિસર્ગ પટેલ, મૈત્રક પંડ્યા, વિશાલ બારિયા, યાસીર શેખ, કીર્તિ રાદડિયા, સિધ્ધાર્થ ગીરી, દિવ્યેશ લપકામના અને પ્રતિક કાછેલા એ શિક્ષક દિવસની ઉજવણીમાં ખૂબજ આનંદમય અને ઉત્સાહવર્ધક રીતે ભાગ લીધો હતો. જેમાં આકાશ ચુડાસમા **પ્રથમ**, પ્રતિક કાછેલા **બીજા** તથા કીર્તિ રાદડિયા **ત્રીજા** સ્થાને રહ્યા હતા.

વધુમાં સમગ્ર મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ બધાજ શિક્ષકો તથા સ્ટાફમિત્રોનું ફૂલદસ્તો આપીને અભિવાદન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની ઉજવણી ખૂબજ શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. સુનીલ આર. પટેલએ વિષય અનુરૂપ ખુબજ મહત્વનું વક્તવ્ય આપ્યું હતું. તેઓએ શિક્ષક શબ્દનો અર્થ અને તેનું મહત્વ વિષે વિદ્યાર્થીઓને સારાંશ આપ્યો હતો અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. વિનોદ બી. મોર, એસ.આર.સી. ચેરમેન તથા ડૉ. વિમલ પટેલ દ્વારા મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. સુનીલ આર. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# છબીઓ























COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur

*******